| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૬/૧૦/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### વસ્ત્રાપુર પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો નંગ-૯૭ કિ.રૂ.૯૫,૩૭૫/- મળી કુલ્લે રુપિયા ૧૧,૦૪,૮૭૫/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.”

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ, જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૨૫.૧૦.૨૩ ના રોજ સ્ટાફના પો.સબ.ઈન્સ. શ્રી બી.આર.ક્રિશ્રીયન, પો.સબ.ઈન્સ. શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. મહમંદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો.સુખદેવસિંહ લાખુભાઈ બ.ન.૮૨૮૧, અ.હે.કો વિજેન્દ્ર ભંવરલાલ બ.ન.૪૧૪૩, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.મનહરસિહ નહારસિહ બ.ન.૩૭૬૧, અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચન્દ્રસિંહ બ.ન.૩૯૩૭, અ.પો.કો.મહિપતસિંહ ઉદેસિંહ બ.ન.૯૯૧૮, અ.પો.કો.વિજય અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ તથા અ.હે.કો. ધર્મેન્દ્રસિંહ હરિશચન્દ્રસિંહ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે મ.ન.૨૩ રંગીન પાર્ક સોસાયટી, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, વસ્ત્રાપુર, સેટેલાઈટ, અમદાવાદ ખાતે રેઈડ કરી જુદી જુદી બ્રાન્ડની વિદેશીદારુ ની બોટલો નંગ ૯૭ કિ.રૂ.૯૫,૩૭૫/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૧,૦૪,૮૭૫/-ના મુદામાલ સાથે એક આરોપીને પકડી લઈ તેની તથા અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વસ્ત્રાપુર પો.સ્ટે. ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૨૦૨૩૦૫૯૫/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી), ૮૧,,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) અરવિંદભાઈ છગનભાઈ પટેલ રહેવાસી- મ.ન.૨૫, મ.ન ૨૩ રંગીન પાર્ક સોસાયટી, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, વસ્ત્રાપુર, સેટેલાઈટ, અમદાવાદ

**નહી પકડાયેલ આરોપી :** (૧) રાહુલ રહે.ડીસા, બનાસકાંઠા

**ગુનાની જગ્યા :** મ.ન.૨૩ રંગીન પાર્ક સોસાયટી, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, વસ્ત્રાપુર, સેટેલાઈટ, અમદાવાદ

**પકડાયેલ મુદામાલ :** (૧) પરપ્રાંતની વિદેશી દારુની બોટલો નંગ ૯૭ કિ.રૂ.૯૫,૩૭૫/- (૨) મો.ફોન નંગ ૧ કિ.રૂ.૧૦૦૦/ (3) સ્કોડા ઓટો કોડીયાક કાર નંબર GJ-18-BH-5392 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- (૪) રોકડા રુપિયા ૮,૫૦૦/ (૫) લાઈટબિલ કિ.રૂ.૦૦ મળી કુલ્લે રુપિયા રુપિયા ૧૧,૦૪,૮૭૫/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૪ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી** **સમાચાર યાદી નં.૧૭૫૮/૨૦૨૩**

**માધવપુરાઃ** વેકટેશ્વરલુ સ/ઓ મલૈયા બંડી (ઉ.વ.૫૧)(રહે.રંગ સુઝલામ સોસાયટી, અંકુર રોડ, નારણપુરા) એ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૩ થી તા.૧૨/૧૦/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન માધવપુરા જુના માર્કેટ દુકાન નંબર-૧૪૫૬ “શ્રી સાંઇ ટ્રેડસ” ખાતે વેકટેશ્વરલુ નાઓએ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ ન્યુઝ પેપરમાં મરચુ, હળદર, ધાણા જીરૂ તથા ગરમ મસાલાના ડીલર શીપ માટે જાહેરાત આપેલ હતી જે જાહેરાતમાં દર્શાવેલ વેકટેશ્વરના મોટાભાઇ સુદર્શનભાઇના મોબાઇલ ફોન ઉપર ફોન નંબર ૭૦૪૩૨૪૫૯૩૨ ના ધારકે ફોન કરી દેવ માર્કેટીંગમાંથી ભરતભાઇ વાત કરતા હોવાનુ જણાવી તેમની જરૂરીયાત મુજબ અમારા ધંધાની પ્રોડક્ટ વિશે માહીતી આપતા તેઓએ મરચુ પાઉડર, ધાણા-જીરૂ પાઉડર, ગરમ મસાલા પાઉડર અને હળદર પાઉડરનો બે વખત ઓર્ડર નોંધાવી તે મુજબનો મસાલાનો માલ મેળવી લઇ તે પેટે બાકી નિકળતા કુલ રૂપિયા ૬,૧૭,૭૬૬/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

**ખાડીયાઃ** નિતીનકુમાર સુરેશકુમાર ગાંધી (ઉ.વ.૪૫)(રહે.રીવેરા-૦૧, કોપોરેટ રોડ, સેટેલાઈટ) એ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૩ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક ખાતે આવેલ અષ્ટમંગલ ઓર્નમેન્ટ પ્રા.લી.નામની જ્વેલર્સની દુકાનમાંથી આરોપી બરૂન અમર શેઠ (રહે.હરીભવન, પટણીની ખડકી, ઝવેરીવાડ, રતનપોળ) એ કુલ ૯૫૧ ગ્રામ સોનુ દાગીના બનાવી આપવા સારૂ મેળવી લઇ તે સોનામાંથી ૩૧૬ ગ્રામના દાગીના બનાવીને નિતીનકુમાર પાસે જમા કરાવેલ જે પૈકી બાકી રહેલ ૨૨ કેરેટનું સોનુ ૬૩૫ ગ્રામ અદાંજીત કિંમત રૂપિયા ૩૪,૬૬,૭૬૩/- સોનું નિતીનકુમાર ગાંધીને પરત નહીં આપી, સોનુ લઈ નાસી જઈ નિતીનકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમાંકાંત છોટેલાલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૯/૨૦૨૩**

**દાણીલીમડાઃ** ભાવિશાબહેન વા/ઓ ધર્મેન્દ્રભાઇ મચ્છર (રહે.શ્રીજી બંગ્લોઝ, નારોલ કોર્ટે સામે, નારોલ) એ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે નારોલ સર્કલ બી.આર.ટી.એસ સ્ટેશન થી કાશીરામ ચાર રસ્તા બી.આર.ટી.એસ. સ્ટેશન સુધીની બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ ભાવિશાબહેનના પર્સમાંથી રોકડ રૂપિયા ૯૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સોહાબખાન અઝિઝખાન ચલાવે છે.

**નિકોલઃ** અક્ષયભાઇ સ/ઓ દિનેશભાઇ શાહ (રહે. અક્ષરધામ ટાવર પોલીસ સ્ટેડીયમની બાજુમાં શાહીબાગ) એ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૨/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ કઠાવાડા જી.આઇ.ડી.સી.મા અંબિકા એસ્ટેટ “આરતી મેટલ્સ” ના ગોડાઉનના આગળથી ૫૫૦ કીલો કોપરની પટ્ટીના ગચીયા કિંમત રૂપિયા ૩,૮૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શીયાલ ચલાવે છે.

**નારોલઃ** જયેન્દ્રકુમાર પ્રભુદાસ સોની (ઉ.વ.૫૧)(રહે.સુનીલ સોસાયટી રાજેશ્વરી સોસાયટીની બાજુમાં ઈસનપુર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૩ સવારના ૮/૧૫ થી ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ન્યુયોર્ક હોટલ સામે ગોકુલેશ પેટ્રોલ પંપની બાજુમાં જયેન્દ્રકુમાર નાઓ ઓટોરીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષાના ચાલકે “રીક્ષામાં બેસવામાં તકલીફ પડે છે” તેમ કહી જયેન્દ્રકુમારની નજર ચુકવી પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૦/૨૦૨૩**

**ઇસનપુરઃ** ગુણવંતબેન મુકેશકુમાર કોષ્ટી (ઉ.વ.૪૧)(રહે.મીરા સ્લમ કવાટર્સ, મીરા સિનેમા પાસે, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૨૦૨૩ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૩ સવારના ૮/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિનોદભાઇ વરૂભાઇ રાઠોડ (ઉ.વ.૪૧)(રહે.શિવલાલ ખ્રિસ્તિની ચાલી, ચમનપુરા, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી રાતના ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે માળિયાની લાકડાની છાજલી સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષકુમાર લક્ષ્મણભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી